### કાયાવરોહણ ગામમાં શોકની લાગણી: ત્રણેય યુવકો પરિવારના બે દીકરાઓમાંના એક

## કાયાવરોહણ ગામના 3 યુવાનો નર્મદામાં તણાયા

**મોડી** સાંજે તરવૈયાઓની મદદથી ત્રણેયના મૃતદેહ મળી આવ્યા

(પ્રતિનિધિ) ડભોઇ, તા.5

ડભોઇ તાલુકાના કાયાવરોહણ ગામના ત્રણ મુસ્લિમ યુવાનો નર્મદા નદીમાં નાહવા ઉતરતા તણાઈ જવાની દુર્ઘટના બની હતી. ઘટનાની જાણ થતા સ્થાનિક લોકો તથા પોલીસ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. મોડી સાંજે તરવૈયાઓની મદદથી ત્રણેય યુવાનોના મૃતદેહ મળી આવ્યા હતા.

મળતી માહિતી મુજબ કાયાવરોહણ ગામે રહેતા મનસુરી ઈબ્રાહિમ યુસુફભાઈ, મનસુરી અક્રમ નુરભાઈ અને ઘાંચી મુજમ્મીલ યાસીનભાઈ નામના ત્રણેય મિત્રો ફ્રિજ અને એ.સી. સર્વિસ-રિપેરિંગનું કામ કરતા હતા. હાલ રમઝાન માસ અને વધતી ગરમીને કારણે તેઓ માલસર સામે પાર નર્મદા કિનારે આવેલા સિસોદરા ગામની મસ્જિદમાં એ.સી. ફિટિંગ કરવા ગયા હતા.

કામ પૂર્ણ થયા બાદ ગરમીથી રાહત મેળવવા તેઓ નર્મદા નદીમાં નાહવા ઉતર્યા હતા. દરમિયાન નદીના તેજ વહેણમાં એક પછી એક ત્રણેય યુવકો તણાઈ ગયા હતા. બનાવ સમયે ત્યાં હાજર અન્ય મિત્રો દ્વારા બચાવવા માટે બૂમાબૂમ કરવામાં આવી હતી, પરંતુ ગણતરીની



મિનિટોમાં જ ત્રણેય ઊંડા પાણીમાં ગરક થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતા નર્મદા પોલીસ તેમજ ગામલોકો સ્થળ પર પહોંચી ગયા હતા. તરવૈયાઓની મદદથી નદીમાં શોધખોળ હાથ ધરાતા મોડી સાંજે ત્રણેયના મૃતદેહ મળી આવ્યા હતા. પોલીસે મૃતદેહોને કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે રાજપીપળા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી આપ્યા છે. પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવશે.

ડભોઈ તાલુકાના કાયાવરોહણ ગામમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના લોકો સૌહાર્દથી સાથે રહે છે અને એકબીજાના સુખદુઃખમાં ભાગીદાર બને છે. ગામના ત્રણ યુવાનોના આકસ્મિક મોતથી સમગ્ર ગામમાં ગમગીની છવાઈ ગઈ છે અને લોકો સ્તબ્ધ બની ગયા છે.

નર્મદા નદીમાં ડૂબી મોતને ભેટેલા ત્રણેય યુવકો પરિવારના બે દીકરાઓમાંના એક હતા. જેમાં મનસુરી અક્રમ નુરભાઈનો નાનો ભાઈ માનસિક રીતે અસ્થિર હોવાનું જાણવા મળે છે અને પરિવારની આર્થિક સ્થિતિ પણ નબળી છે. આ દુર્ઘટનાથી ત્રણેય પરિવારો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

## નસવાડીના યુવાનો ઉપર ગેરકાયદેસર રીતે રહેતા પરપ્રાંતિય લોકો દ્વારા પથ્થરમારો

**6** યુવાનો ના માથા ફાટ્યા

(પ્રતિનિધિ) નસવાડી, તા.17

નસવાડી ટાઉન માં પરપ્રાંતીય લોકો ગેરકાયદેસર રીતે વસવાટ કરે છે જ્યારે સ્થાનિક લોકો ઉપર પથ્થર મારો કરતા 6 લોકોને માથા માં પથ્થર વાગતા ઈજાઓ પહોંચાડી હતી તેમાં ત્રણ ની હાલત ગંભીર પરપ્રાંતીય લોકો ના એક પરિવાર ની સ્ત્રી ને તેનો પતિ માર મારતો હતો ત્યારે તે મહિલા નસવાડી ના યુવાનો પાસે મદદ માંગતા માનવતા દેખાડવા ગયેલા યુવાનો ને પરપ્રાંતીય લોકો દ્વારા ઘેરી ને પથ્થર મારો કરવામાં આવ્યો હતો.

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી ટાઉન માં મટોડી ફાર્મ ની



પાછળ ડુંગર વાળા ભાગ માં રહેતા પરપ્રાંતીય લોકો ભંગાર ઉઘરાવવાનો ધંધો કરે છે જ્યારે ગેરકાયદેસર રીતે નસવાડી ટાઉન માં વસવાટ કરતા પરપ્રાંતીય લોકો પોલીસ ને જાણ કર્યા વગર રહે છે જ્યારે આવા પરપ્રાંતીય 40 થી 50 લોકો રહે છે ત્યારે ધૂળેટી નો પર્વ હોવાથી નસવાડી ગામના યુવાનો પોતાના ખેતર તરફ જતા હતા તે વખતે આ પરપ્રાંતીય પરિવાર નો એક પતિ તેની પત્ની સાથે લડાતા હતા અને પત્ની ને તેનો પતિ માર મારતો હતો જેને લઈને મહિલા એ નસવાડી ટાઉન ના યુવાનો પાસે મદદ માંગતા યુવાનો મહિલા ને ના મારવા માટે તેના પતિ ને જણાવતા તે યુવાન પત્ની ને બાજુ ઉપર મૂકીને નસવાડી ના યુવાનો ઉપર તૂટી પડ્યો હતો અને નજીક મા જ રહેતા તેના સબંધી બીજા પરપ્રાંતીય લોકો દ્વારા નસવાડી ના યુવાનો ઉપર તૂટી પડ્યા હતા અને પથ્થર મારો કરતા નસવાડી ગામના (૧) જયકુમાર ભીખાભાઈ મોચી (૨) જયેશભાઈ દિનેશભાઈ પરમાર (૩) ધવલભાઈ અમૃતભાઈ તડવી (૪) ઋત્વિકકુમાર દિનેશભાઈ પરમાર (5) મયુરભાઈ રમેશભાઈ ઓડ (૬) નગીનભાઈ છત્રસિંહ ભીલ આ 6 લોકો ને પથ્થરો માથા ના ભાગમાં વાગતા ઈજા પહોંચી હતી.

### લગ્નની લાલચ આપી તેનું અપહરણ કર્યુ

## નસવાડીની વિદ્યાર્થીનીને સોશિયલ મીડિયા મારફતે ફસાવી દુષ્કર્મ આચર્યુ

(પ્રતિનિધિ) નસવાડી, તા.5

નસવાડી તાલુકાના એક ગામની સગીર વયની દીકરી અભ્યાસ માટે જતી હતી અને તેને સોશિયલ મીડિયા ના માધ્યમ થી પાવીજેતપુર તાલુકાનો રાકેશભાઈ અશોકભાઈ તડવી રહેવાસી જૂનીઝુંધી નો આ યુવક યુવતી ને ફસાવી ને તેની સાથે પ્રેમ સંબંધ રાખીને લગ્ન કરવાની લાલચ આપી ને તેના ઉપર બળાત્કાર ગુજાર્યો હતો જેની ફરિયાદ નસવાડી પોલીસ સ્ટેશન માં નોંધાઈ છે જ્યારે પોલીસ ના જણાવ્યા મુજબ આ યુવક યુવતી ને લગ્ન કરવા માટે લઈ ગયો હતો પરંતુ યુવક ના પરિવાર જનો એ તેને યુવતી ને પરત તેના માં બાપ ના ઘરે મૂકી આવવા કહેતા યુવક માતા પિતા ની વાત ના માની



ને વડોદરા તરફ લઈ ગયો હતો અને બળાત્કાર ગુજારતા તેની ફરિયાદ નસવાડી પોલીસ સ્ટેશનમાં નોંધાતા આરોપી ની ધરપકડ કરવામાં આવી છે હાલ તો નસવાડી માં આ ઘટના ને લઈને જે વિધાર્થિનીઓ અભ્યાસ કરવા માટે જાય છે તેઓને આવા છેલ બતાવ યુવકો પ્રેમ સંબંધ માં ફસાવી ને તેના ઉપર બળાત્કાર કરે છે આ ઘટના ઉપર થી સાબિત થઈ ગયું છે કે મોબાઈલ અને સોશિયલ મીડિયા વિધાર્થિનીઓ માટે તેઓનું જીવન બગડવા માટેનું મહત્વ નું સાધન છે.

### અવાદા ઈલેક્ટ્રોએ અમદાવાદ ચેનલ મીટમાં રિટેઈલ વિસ્તરણને વેગ આપ્યો

વડોદરા: અવાદા ગ્રૂપની સોલર પીવી મેન્યુફેક્ચરિંગ કંપની અવાદા ઈલેક્ટ્રોએ ગુજરાતમાં અગ્રણી ઈપીસી કંપનીઓ, રૂફટોપ ઈન્સ્ટોલર્સ અને રિજનલ ચેનલ પાર્ટનર્સ સાથે બેઠક યોજી હતી. આ બેઠક દ્વારા દેશમાં ઝડપથી વિકસતા ડિસ્ટ્રિબ્યુટેડ સોલર સેગમેન્ટમાં કંપનીની ઉપસ્થિતિ વધુ મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. રેસિડેન્શિયલ અને કમર્શિયલ સેગમેન્ટમાં રૂફટોપ સોલર અપનાવવાની વધતી પ્રવૃત્તિને ધ્યાનમાં રાખીને અવાદા ઈલેક્ટ્રો ઈન્સ્ટોલર્સ અને ડિસ્ટ્રિબ્યુટર ઈકોસિસ્ટમ સાથેનું જોડાણ મજબૂત કરી રહી છે. ગુજરાતમાં યોજાયેલી આ બેઠકમાં ચેનલ પાર્ટનરશીપ મજબૂત કરવી, પ્રોડક્ટ ઉપલબ્ધતા વધારવી અને રિટેઈલ આધારિત બજારોમાં સતત સપ્લાય સુનિશ્ચિત કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'ક્વાંટ ગેર મેળા' પર આધારિત ટપાલ ટિકિટ અને વિશેષ કવરનું અનાવરણ કર્યું

**પોસ્ટમાસ્ટર** જનરલ કૃષ્ણ કુમાર યાદવે ટપાલ ટિકિટની પ્રથમ નકલ મુખ્યમંત્રીશ્રીને ભેંટ આપી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.5

છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે દર વર્ષે યોજાતો પ્રસિદ્ધ આદિવાસી સાંસ્કૃતિક ઉત્સવ 'ક્વાંટ ગેર મેળા' પર જારી ટપાલ ટિકિટથી ગુજરાતની સમૃદ્ધ આદિવાસી પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાને રાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે "ક્વાંટ ગેર મેળા"ની સાંસ્કૃતિક



મહત્તાને ઉજાગર કરતી ટપાલ ટિકિટ અને વિશેષ કવરની પ્રથમ પ્રતનું ગાંધીનગરમાં અનાવરણ કર્યું હતું. ઉત્તર ગુજરાત તથા દક્ષિણ ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને આ ટપાલ ટિકિટ અને કવરની ભેટ આપી હતી.

રાજ્યની સમૃદ્ધ આદિવાસી પરંપરાઓ અને સાંસ્કૃતિક ધરોહરને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવાની દિશામાં આ પહેલ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

આ અવસરે છોટાઉદેપુર લોકસભા સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્ય અભેસિંહ તડવી, છોટા ઉદેપુરનાં કલેક્ટર ગાર્ગી જૈન, પ્રવર ડાક અધિક્ષક આર.બી. ઠાકોર અને રાઠવા આદિવાસી સમુદાયના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે રાજ્યની આદિવાસી સંસ્કૃતિ, કલા અને પરંપરાઓના સંરક્ષણ અને તેને આવનારી પેઢી સુધી પહોંચાડતો 'ક્વાંટ ગેર મેળો' માત્ર એક ઉત્સવ નથી, પ્રકૃતિ સાથેના સામંજસ્ય, સામાજિક સમરસતા અને પેઢીઓથી ચાલતી આવતી પરંપરાઓનું જીવંત પ્રતિક છે.

### કામની ગુણવત્તા ઉપર અનેક સવાલો ઉઠ્યા

## પાણી ભરેલું હોવા છતાંય કોંક્રિટ નાખી પ્રોટેક્શન વોલ બનાવવાની કામગીરી!

(પ્રતિનિધિ) નસવાડી, તા.5

નસવાડી તાલુકાના સિંધીકુવા ગામ પાસે નેશનલ હાઈવે 56 વિભાગ દ્વારા બનાવવામાં આવતા નવા રસ્તા ની પહોળાઈ માં પાણી ભરેલું હોવા છતાંય કોક્રેટ નો માલ નાખી પ્રોટેક્શન વોલ બનાવવામાં આવી રહી છે અને કોઈ પણ અધિકારી કોક્રેટ ની કામગીરી માં હાજર ના રહેતા કામની ગુણવત્તા ઉપર અનેક સવાલો ઉઠી રહ્યા છે.

નસવાડી તાલુકાના ધામસિયા થી જબુગામ સુધી 900 કરોડ ના ખર્ચે ફોર લેન હાઈવે બનાવવાની કામગીરી જ્યાર થી શરૂ થઈ છે ત્યાર થી વિવાદો માં રહી છે હાલ સિંધીકુવા ગામ નજીક રસ્તો પહોળો કરવાના છેડા ઉપર પ્રોટેક્શન વોલ બનાવવામાં



આવી રહી છે તેમાં કેનાલ ના પાણી નો નિકાલ ના કરતા તેમાં પાણી ભરાઈ રહે છે ઘૂંટણસમા પાણી ભરાયેલા હોવા છતાંય તેમાંજ કોક્રેટ નો માલ નાખવામાં આવી રહ્યો હતો જ્યારે કોક્રેટ ની કામગીરી ચાલતી હોય ત્યારે ઈજેનરો એ ફરજીયાત હાજરી આપવાની હોય છે પરંતુ ઈજેનરો ની ગેરહાજરી માં આવી રીતના કોક્રેટ ની કામગીરી ચાલતા આ કામગીરી ઉપર અનેક સવાલો ઉઠી રહ્યા છે પાણી માં કોક્રેટ વાળો માલ નાખવામાં આવે તો કોક્રેટ ની તાકાત ઘટી જાય છે.

## વડોદરા-છોટાઉદેપુર જિલ્લામાં હોળી પર્વની ઉજવણી-મેળાઓનો થનગનાટ

### હોળીથી 5 દિવસ સુધી ઘેરૈયા બનીને નાચ્યાં બાદ શુક્રવારે ઘરે પરત આવ્યા



**સંખેડા** : સંખેડા તાલુકાની વિવિધ વસાહતોના ઘેરૈયાઓ શુક્રવારે સાંજે હોળીના 5 દિવસ થતા ઘેર પરત ફર્યા હતા. સંબેડાની ચંદાનગર વસાહતના જ 40 થી વધુ યુવકો ઘેરૈયા બન્યા હતા. ઘેરૈયા બનનારા હોળીના દિવસથી પોતપોતાની ટોળીઓમાં નીકળી પડે છે. ગેર ઉપરાવે છે અને 5 દિવસ ઘેર પણ જતા નથી. હોળીના તહેવાર દરમિયાન આદિવાસી સમાજના લોકો ઘેરૈયા બનવાની માનતા રાખે છે. તેઓ સમગ્ર શરીર પર સફેદ માટીના ટપકા કરી, માથે મોરપીંછની ટોપી પહેરી ઢોલ, થાળી, વાંસળી અને પિહવાના નાદ સાથે લયબદ્ધ નૃત્ય કરતા હોય એ જોવા માટે આદિવાસી સમુદાયના લોકો ઉમટી પડે છે.

### પાદરા-વડુ પંથકમાં ઉત્સાહભેર ધૂળેટીની ઉજવણી, ડીજેના તાલે યુવાનો ઝૂમ્યા



**પાદરા** : પાદરા-વડુ પંથકમાં ધૂળેટી પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પાદરા શહેર તથા તાલુકાના ગ્રામજનો ડીજેના તાલે ઝૂમી ઉઠ્યા હતા. નાના-મોટા સૌ કોઈએ એકબીજાને રંગ લગાવી ધૂળેટીની મજા માણી હતી. અનેક સ્થળોએ ડીજેના તાલે યુવાનો ડાન્સ અને ગરબા રમતા જોવા મળ્યા હતા અને ઠેર-ઠેર ધૂળેટીના કાર્યક્રમો યોજાયા હતા. પાદરા-વડુ પંથકના મુવાલ, માસારોડ સહિતના ગામોમાં પણ ધૂળેટીની ઉજવણી માટે મોટા પાયે પાર્ટી પ્લોટ અને ખુલ્લા મેદાનોમાં આયોજન કરવામાં આવ્યું હતું. ડીજેના તાલે યુવાનો અને ગ્રામજનો રંગોમાં તરબોળ થઈને ઝૂમી રહ્યા હતા. મોટા આયોજનમાં વિવિધ પ્રકારના સેલ્ફી પોઈન્ટ પણ બનાવવામાં આવ્યા હતા, જ્યાં લોકોએ રંગીન સેલ્ફી લઈ પર્વની ખુશી વ્યક્ત કરી હતી.

### સંખેડામાં હોળીના બીજા દિવસે ધુળેટી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી



**સંખેડા** : સંખેડા સહિત ગ્રામ્ય, વિસ્તારોમાં બુધવારે પરંપરાગત રીતે હોળી પ્રગટાવાઈ હતી. યુવાનોએ લાક્ડા તેમજ છાણાંથી હોળી તૈયાર કરી તેને પતંગો અને સજાવાઈ હતી. સાંજે હોળીની પૂજા અર્ચના કરી હોળી પ્રગટાવાઈ હતી. બીજા દિવસે વહેલી સવારથી મહોલ્લા, શેરીઓ અને સોસાયટીમાં યુવકો, બાળકો તેમજ વડીલો સહિત સૌ કોઈ વિવિધ રંગો લઈ એકબીજા ઉપર છાંટી ધૂળેટીની શુભકામના પાઠવી હતી. કેટલાક યુવકોના ચહેરા રંગોથી રંગાયા બાદ ઓળખી શકાય તેમ નહતાં. તો કેટલાક વિસ્તારોમાં પિચકારીઓથી રંગની છોળો ઉડાડી રંગોત્સવની ઉજવણી કરી હતી.

### શ્રદ્ધા, વિશ્વાસ અને સંસ્કૃતિનું સંગમ રૂપ - છોટાઉદેપુરમાં યોજાયો પરંપરાગત ચૂલનો મેળો



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર નગરમાં એસ એફ હાઈસ્કૂલની પાછળ હોળીના બીજા દિવસે પરંપરાગત અને ઐતિહાસિક "ચૂલનો મેળો" યોજાયો હતો. આ મેળો આદિવાસી સમાજની આગવી સંસ્કૃતિ, પરંપરા અને અખંડ આસ્થાનું પ્રતિક છે. હોળી પ્રગટાવ્યા બાદ બીજા દિવસે ચૂલ પર ચાલવાની પરંપરા વર્ષોથી નિષ્ઠાપૂર્વક નિભાવવામાં આવે છે. બીજા દિવસે સવારે હોળીના અંગારા સમતલ કરીને "ચૂલ" તૈયાર કરવામાં આવે છે. આ ચૂલમા ભાવિકો પોતાના મનોબળ અને શ્રદ્ધા સાથે ખુલા પગે અંગારા પર ચાલીને પોતાની માનતા પૂર્ણ કરે છે. માન્યતા મુજબ, પરિવારમાં સુખ-સમૃદ્ધિ, આરોગ્ય અને મનોકામના પૂર્ણ થાય તે માટે લોકો ચૂલ કરે છે.

### ધુળેટી પર્વે દિવેર નર્મદા મઢી ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો



**વડોદરા** : વડોદરા જિલ્લામાં હોળી-ધુળેટી પર્વને લઈ પ્રશાસન દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. શિનોર તાલુકાના નર્મદા મઢી ખાતે આજે ધુળેટી નિમિત્તે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. શિનોર પોલીસ સ્ટેશન દ્વારા સ્થળ પર પોલીસ જવાનોની તૈનાતી કરી કાયદો અને વ્યવસ્થા જાળવવા ખાસ દેખરેખ રાખવામાં આવી રહી છે. તહેવાર દરમિયાન મોટી સંખ્યામાં લોકો નદી કાંઠે ઉમટતા હોય છે, જેને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવાઈ છે. વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા જાહેર કરાયેલા જાહેરનામા મુજબ શિનોર તાલુકાના દિવેર, માલસર, માંડવા અને બરકાલ સહિત નર્મદા નદી કાંઠાના વિસ્તારોમાં નાહવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

### આદિવાસી પરંપરામાં બડવાઓની શક્તિ અને આસ્થાની કસોટી એટલે ગોળ ફેરીયાનો મેળો



**ક્વાંટ** : પ્રકૃતિના પૂજક એવા આદિવાસી સમાજમાં હોળીના તહેવારનું અનેરું માહાત્મ્ય રહેલુ છે. છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના રુમડિયા ગામે આદિવાસી અસ્મિતાને જીવંત રાખતો અને શ્રદ્ધા-સાહસનો સમન્વય 'ગોળ ફેરિયાનો મેળો' પરંપરાગત હર્ષોલ્લાસ સાથે યોજાયો હતો. અંદાજે 300 વર્ષ કરતા પણ વધુ પ્રાચીન ગણાતો આ મેળો આજે પણ આધુનિક યુગમાં પોતાની મૌલિકતા જાળવી રહ્યો છે. રાજા-રજવાડાના સમયથી ચાલી આવતી આ અનોખી પરંપરામાં હોળી પ્રગટાવ્યાના ત્રીજા દિવસે રુમડિયા ગામના ચોકમાં વિશાળ જનમેદની એકઠી થાય છે. મેળાનું મુખ્ય આકર્ષણ 'ગોળ ફેરિયો' છે, જેમાં મેદાનની મધ્યમાં એક ઊંચો સ્તંભ રોપવામાં આવે છે. આ સ્તંભ પર સાગના લાકડામાંથી બનેલા વિશિષ્ટ ચાકડા (ચકડોળ જેવી રચના) પર ગામના 'બડવા' (ધાર્મિક વડા) ને બાંધીને ગોળ-ગોળ ફેરવવામાં આવે છે.

### છોટાઉદેપુર વિસ્તારમાં હોળી બાદ ઠેર ઠેર યોજાતા ચુલના મેળાઓ



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લા ના આદિવાસીઓ માટે હોળી એટલે સ્થાનિકો ઉપરાંત વિસ્તાર છોડી અન્ય જગ્યાએ નોકરી ધંધા કે મજુરી કામે બહાર ગયેલ આદિવાસી ઓ માદરે વતન પરત ફરતા હોય છે, નોકરી ધંધા કે મજુરી કામે ગયેલા આદિવાસી ઓ એ હોળી એ અચૂક ઘરે પહોંચી જતા હોય છે, અહીં ના આદિવાસી ઓ ની કહેવત છે કે દિવાળી અટટે-કટટે પણ હોળી તો વતન માં જ, એના પરથી જ હોળી નું મહત્વ આંકી શકાય, વર્ષ દરમ્યાન કરેલ કમાણી માંથી હોળી એ નવા કપડાં થી લઈને ખરીદી કરતા હોય છે, કપડાં બાબતે કહેવાય છે કે આખું વર્ષ કામ કરવા નું હોળીએ ઝગઝગતા જ.. છોટાઉદેપુર જિલ્લાનાં પાણીબાર ગામ ના આદિવાસી સમાજ ના વાલસિંહભાઈ રાઠવા જણાવે છે કે આજે અમારા ગામ પાણીબાર ખાતે વર્ષોથી ભરાતો પરંપરાગત ચૂલના મેળા માં ગામેગામ થી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

### દિવ્યાંગજનો સાથે હોળી - ધુળેટી પર્વની ઉજવણી કરાઈ



**પાદરા** : સત્યના સંકલ્પનો દાતા ભગવાન છે. ના સંકલ્પ સાથે સેવા હી સંગઠનના ભાવથી અપંગ ના ઓજસ - ગુજરાત સંકુલ ખાતે ભક્તિ, શ્રદ્ધા અને સત્યના શાશ્વત વિજયને ઉજાગર કરતું અને હોળી - ધુળેટી અસત્ય પર સત્યના વિજયનું પર્વ હોલિકા દહન પર્વની ઉજવણી કરવામાં આવી.જેમા દરેક દિવ્યાંગજનોના જીવનમાં પ્રેમ, સૌહાર્દ અને સમરસતાનો પ્રકાશ ફેલાવે તેવી પ્રાર્થના સાથે દિવ્યાંગ શક્તિના સામર્થ્ય અને સન્માનનો ઉત્સવ એટલે સમગ્ર દિવ્યાંગજનો માટે હોળી - ધુળેટી પર્વ દિવસ ઉજવણી. અપંગ ના ઓજસ - ગુજરાત દ્વારા આયોજીત હોળી - ધુળેટી દિવસ મધ્યે ઉજવણીમાં દિવ્યાંગ બાળકોના જીવનમાં પુનઃવસન, પુનઃસ્થાપન થાય તે અર્થે વિવિધ કાર્યક્રમો સાથે રંગોત્સવ કરી અને સાંસ્કૃતિક કાર્યક્રમ, સન્માન સમારોહ યોજાયો.